# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-08-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં વરસાદ:

હવામાન વિભાગ દ્વારા અપાયેલા યલો એલર્ટ પ્રમાણે કચ્છમાં આજે સતત ત્રિજા દિવસે કેટલાક સ્થળોએ વરસાદ પડ્યો હતો. પશ્ચિમ કચ્છના અબડાસા, લખપત અને નખત્રાણા વિસ્તારના ગ્રામ્ય વિસ્તારમાં સવારે અને બપોરના સમયે વરસાદ વરસ્યો હતો. જન્માષ્ટમી પર્વથી કચ્છમાં વરસાદનું આગમન થતા ખેડૂતો ખુશખુશાલ થયા છે. જિલ્લા મથક ભુજમાં દિવસ દરમિયાન વાદળાઓની આવન જાવન રહી હતી. બફારા અને ગરમીના કારણે લોકો પરેશાન થયા હતા. રાજ્ય પર સર્જાયેલી ચાર અલગ-અલગ વરસાદી સિસ્ટમના પ્રભાવથી એકાદ મહિનાના અંતરાલ બાદ ગુજરાતમાં વરસાદનું આગમન થયું છે.

---------------------------------------------------------------------------------------------

## વરસાદની આગાહી :

હવામાન વિભાગ દ્વારા આગામી 7 દિવસ એટલે કે 18 થી 24 ઑગસ્ટ સુધી રાજ્યમાં વરસાદને લઈને આગાહી કરવામાં આવી છે. જેમાં 22 ઑગસ્ટ સુધી રાજ્યના છુટાછવાયા વિસ્તારમાં ગાજવીજ સાથે સાર્વત્રિક વરસાદ થવાની શક્યતા છે. જેમાં ખાસ કરીને 19 અને 20 ઓગસ્ટના દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.રાજ્યમાં કુલ 4 સિસ્ટમ અત્યારે સક્રિય છે. જેના કારણે રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દરમિયાન માછીમારોને આગામી 5 દિવસ દરિયો ન ખેડૂવા સૂચના આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## મુન્દ્રા તાલુકામાં  શિક્ષકોની ભરતી:

કચ્છ જિલ્લામાં શિક્ષકોની ઘટને દૂર કરવા સામાજિક સંસ્થાએ નવતર પહેલ કરી છે. શ્રી સર્વ સેવા સંઘ દ્વારા મુન્દ્રા તાલુકામાં હંગામી ધોરણે શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. મુન્દ્રા તાલુકામાં 150 શિક્ષકોને આજે નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે. સંસ્થા દ્વારા જ્ઞાન જ્યોતિ યોજના અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. કચ્છમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે, ત્યારે વચ્ચેના સમયગાળામાં સરકાર, તંત્રની સાથે સહભાગી થવા માટે મુન્દ્રા તાલુકામાં પેરા ટીચરોની નિમણૂક સંસ્થા દ્વારા કરવામાં આવી છે. હંગામી ધોરણે નિમણૂક કરેલા શિક્ષકોને 9,000નું માનદ વેતન સંસ્થા દ્વારા આપવામાં આવશે.

---

## કોઠારામા બગલાના મોત :

અબડાસાના કોઠારામાં મોટી સંખ્યામાં બગલાના મૃત્યુથી પક્ષી-જીવદયાપ્રેમીઓમાં દુ:ખની સાથે ચિંતાની લાગણી ફેલાઇ છે. કોઠારામાં શા બુખારી પીરની દરગાહની અંદર આવેલ વૃક્ષ પર મોટી સંખ્યામાં બગલાઓની વસાહત છે. છેલ્લા થોડાક દિવસથી બગલા અચાનક મોતને ભેટી રહ્યા છે. આ બનાવ અંગે કોઠારાના જાગૃત નાગરિકો દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગે મૃત બગલાના સેમ્પલ લઇ અને મૃત્યુનું સાચું કારણ જાણવા માટે તપાસ હાથ ધરી છે.

---

## માંડવીમાં નાની રવાડી :

બંદરીય શહેર માંડવીની આગવી પરંપરા મુજબ લોહાણા સમાજ  દ્વારા નાની રવાડીની શોભાયાત્રા શહેરમાં નીકળી હતી. બસો એકસઠ વર્ષોથી લોહાણા જ્ઞાતિ દ્વારા માંડવીમાં `નાની રવાડી' નામે જાણીતી શોભાયાત્રાની પરંપરા આજે પણ અકબંધ રહી છે. સુંદરવર મંદિરે ભાવિકોની ઉપસ્થિતિમાં ભગવાનની નગરયાત્રાને રંગેચંગે ધારાસભ્ય અનિરુદ્ધ દવે અને

યજમાનો, જ્ઞાતિ અગ્રણીએ પ્રસ્થાન કરાવ્યું હતું. જન્માષ્ટમી પછી નોમના દિને નાની રવાડી જ્યારે વળતે દિને દસમના રોજ ખારવા જ્ઞાતિ આયોજિત `મોટી રવાડી'ની રસમ રહી છે.

---

## ઇન્ટેન્સિફાઇડ આઇ.ઇ.સી. કેમ્પેઇન:

એચ.આઈ.વી. તથા જાતીય રોગોથી બચવા માટે લોકોમાં જાગૃતિ આવે, તે હેતુથી નાકો, આરોગ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ઇન્ટેન્સિફાઇડ આઇ.ઇ.સી. કેમ્પેઇનનો ભુજની માતૃછાયા સ્કુલ તથા બીએમસીબી નર્સિંગ કોલેજ લાખોંદથી પ્રારંભ કરાયો છે. જિલ્લા ટી.બી., એચ.આઈ.વી. ઓફિસર ડોકટર મનોજ દવેએ એચ.આઈ.વી., ટી.બી. તથા હિપેટાઈટિસ-બી વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. બે મહિના સુધી ચાલનારા આ કેમ્પેઇનમાં ધોરણ નવથી 12ના વિદ્યારથીઓ માટે જાગૃતિ કાર્યક્રમ, રેલી, ડોર ટુ ડોર કેમ્પેઇનન સહિતની પ્રર્વૃત્તિઓ કરવામાં આવશે.

---

## ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ ટાસ્ક ફોર્સ:

રાજ્ય સરકાર નવી ઔદ્યોગિક નીતિના તૈયારીમાં વ્યસ્ત છે આ માટે ૧૨ વિશેષ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. આ ટાસ્ક ફોર્સમાં MSME વિકાસ, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ જેવા મુખ્ય વિષયોને આવરી લેવામાં આવ્યા છે. ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિઆ)ને આ ટાસ્ક ફોર્સમાં નોમિનેટ કરવામાં આવ્યું છે, જે કચ્છ અને ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે મહત્વપૂર્ણ પગલું છે. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ ટાસ્ક ફોર્સ કમિટીની પ્રથમ બેઠક તાજેતરમાં ગાંધીનગરમાં ઔદ્યોગિક કમિશનરની કચેરીમાં યોજાઇ હતી. આ બેઠકમાં ફોકિઆ તરફથી સિનિયર એક્ઝિક્યુટિવ મમતા વાસણી અને સોલારીસના નરેન્દ્ર રાવલે ભાગ લીધો હતો અને કચ્છ તેમજ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવીનીતિ દ્વારા એક નવા આયામ સુધી પહોંચાડવા માટે ઇસ ઓફ ડુઈંગ બિઝનેસ અંગે સૂચનો આપ્યા હતા

---

# બીએસએફ જવાનનું સન્માન:

અબડાસાના કડુલી ગામના વતની અને બીએસએફ જવાન શૈલેન્દ્રસિંહ જાડેજાએ શ્રીનગર, કાશ્મીરમાં કઠિન તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી વતન પરત ફરતા ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું. આ અવસરે વિશેષ બાઇક રેલીનું આયોજન કરાયું હતું જેમાં મોટી સંખ્યામાં ગ્રામ્યજનો ઉપસ્થિત રહ્યા હતા.

---